કિડની-હૃદયરોગ સહિતના ઈલાજ માટે

# ગાંધીનગરમાં અત્યાધુનિક હોસ્પિટલનું ઉદ્ઘાટન કરાયું

## ગોએન્કા હોસ્પિટલ દ્વારા આઈસીયુ-ઈસીજી ઓન વ્હીલ્સ દ્વારા આધુનિક સારવાર અપાશે

અમદાવાદ, તા. ૨૨ ગાંધીનગરના શહેરીજનો તેમજ આસપાસના ગ્રામીણ લોકોને અધ્યતન તબીબી સુવિધાઓ પુરી પાડવા કરોડોના ખર્ચે પેથાપુર-મહુડી રોડ પર મલ્ટી સ્પેશીયાલીટી ગોએન્કા હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે.

આઈસીયુ તથા ઈસીજી ઓન વ્હીલ્સની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં ૧૦૦ પથારીની વ્યવસ્થા છે. અન્ય હોસ્પિટલો કરતાં સસ્તા દરે સર્જરી સહિત તમામ આરોગ્ય સુવિધા પુરી પાડતી આ હોસિપ્ટલના ઉદ્ઘાટનની આજે ઘોષણા કરવામાં આવી હતી. જેને અનુલક્ષી યોજાયેલ પરિષદમાં હોસ્પિટલના અધ્યક્ષ અર્પૂવ ગોએન્કાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં લોહીના સ્ટોરેજની પણ સુવિધા છે. જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.

ઉપરાંત અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલરડોપલર રડીઈકો, કોમ્પ્યુટરરાઈઝ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરની સુવિધા છે. જેમાં ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલજી, માઈક્રોબાયોલોજી, હીસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે.

દરમિયાન હોસિપ્ટલ અંગે વધુમાં ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક સર્જીકલ અને બીજુ મેડિકલ આઈસીયુ છે.